કલોલમાં ધારિયાની અણીએ લાજ લૂંટવાનો પ્રયત્ન કરનાર ઝડપાયો

ગોલથરામાં લાજ લૂંટવાનો પ્રયાસ થતા મહિલાએ પ્રતિકાર કરતા ધારિયાના ઘા મારી હવસખોરે જીવલેણ હુમલો કર્યો હતો : આરોપી સેન્ટ્રલ જેલ હવાલે

ગાંધીનગર, તા. ૧૦

ગઈ કાલે સવારે કલોલ તાલુકાના ગોલથરા ગામે એક હવસખોર શખ્સે ધારિયાની અણીએ મહિલાની લાજ લુંટવાનો -યાસ કર્યો હતો. મહિલાએ -તિકાર કરતા ધારીયાના ઘા ઝીકી દઈ હવસખોરે જીવલેણ હુમલો કરતા લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. આ હવસખોર શખ્સને કલોલ તાલુકા પોલીસે ઝડપી પડી કોર્ટમાં રજુ કર્યો હતો. આ શખ્સને સેન્ટ્રલ જેલ હવાલે મોકલી દેવામાં આવ્યો છે.

કલોલ તાલુકાના નારદીપુર ગામમાં રહેતી ૨૫ વર્ષીય પરિણીતા ગઈ કાલે સવારે ૧૦ વાગ્યાના અરસામાં કલોલ તાલુકાના ગોલથરા ગામે તેમના નવા બની રહેલા મકાનમાં પાણી છાંટવા ગઈ હતી. ત્યાં ગોલથરા ગામનો જ એક માથાભારે શખ્સ મંગા ઝેણા રાવળ તેની નજીક આવી પહોંચ્યો અને અણીદાર ધારિયું બતાવીને આબરુ લુંટવાનો -યાસ કર્યો હતો. પરિણીત મહિલાએ બુમાબુમ કરીને તેનો -તિકાર કરતા માથાભારે હવસખોર શખ્સે ધારિયા વડે મહિલાના મો અને ગળાના ભાગે હુમલો કરતા તે ગંભીર રીતે ઘવાઈ હતી. લોહીલુહાણ હાલતમાં તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. મહિલાના પતિના જણાવ્યામુજબ આ શખ્સે અગાઉ પણ ચપ્પાની અણીએ તેની સાથે સંબંધ બાંધવા માટે દબાણ કરેલું છે. આ હવસખોર શખ્સને કલોલ પોલીસે ઝડપી લીધો છે. અને આજે તેને પોલીસે સેન્ટ્રલ જેલ હવાલે પણ કરી દીધો છે.

ધનસુરામાં ગરમીનો પારો સતત ઊંચો રહેતા સ્થાનિકો ત્રાહિમામ

માનવ સહિત પશુપંખી પરેશાન, માર્ગો સુમસાન બન્યા

ધનસુરા, તા. ૧૦

ઉત્તર ગુજરાતના ધનસુરા સહિત તમામ નાના-મોટા શહેરોમાં ઉનાળો ધીમે-ધીમે જામતા ગરમીનો પારો દિનપ્રતિદિન ઉંચે જઈ રહ્યો છે. ત્યારે અસહ્ય ગરમીથી ધનસુરા અને આસપાસના પંથકના રહિશો અને પશુ-પક્ષીઓ પરેશાન થઈ ગયા છે. અને ૨૪ કલાક એસી અને પંખાની નીચે જ રહેવાનુ પસંદ કરે છે.

ઉત્તર ગુજરાત સહિત રાજ્યભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. એકંદરે મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ૪૦ થી ૪૫ ડીગ્રીની વચ્ચે રહે છે. અસહ્ય ગરમી અને તાપમાનને કારણે રહિશો ઘર, ઓફિસ, દુકાનો કે ઠંડક વાળા સ્થળે જ પુરાઈ રહેવાનું પસંદ કરે છે. આથી દરરોજ બપોરે ૧૨ થી ૫ કલાક દરમિયાન રસ્તાઓ સુમસાન બનતા કરફ્યુ જેવો માહોલ સર્જાય છે. ઉત્તર ગુજરાતના ધનસુરા, બાયડ, મોડાસા, માલપુર, મેઘરજ, ખેડબ્રહ્મા ભિલોડા શામળાજી વગેરે તાલુકાઓમાં તેમજ આસપાસના પંથકમાં અસહ્ય ગરમી પડતા સ્થાનિક રહિશો અને ગ્રામજનો ભારે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગ્રામજનો ગમે તેમ કરી કાળઝાળ ગરમી સામે રક્ષણ મેળવવા ઠંડકનો સહારો લઈ રહ્યા છે. તો તરસ છીપાવવા ઠંડા પીણાનો પણ સહારો લઈ રહ્યા છે. સવારે તાપમાનનો પારો ઉંચો જતા તાપથી અને સાંજે વાતાવરણમાં ભેજને લીધે બફારાનો વધારો થતા આ ઋતુચક્ર વચ્ચે માનવ સહિત પશુપંખીઓ ગરમીથી પિસાઈ રહ્યા છે. પરિણામે આ પંથકમાં અસહ્ય તાપને કારણે સનસ્ટ્રોકનો પણ લોકો શિકાર થઈ રહ્યા છે.

તીવ્ર હીટવેવ વચ્ચે બરફ ગોળાના ભાવમાં વધારો

અમદાવાદ, તા.૧૦

રાજ્ય સહિત અમદાવાદના શહેર છેલ્લા ઘણા સમયથી હીટવેવમાં શેકાઈ રહ્યું છે. શહેરીજનો ગરમીથી બચવા ઠંડા પીણા, ઠંડી છાશ, શેરડીનો રસ જેવા પીણા લેતા હોય છ પરંતુ આ વખતે હીટવેવમાં બરફના ગોળા હીટ સાબિત થઈ રહ્યા છે. અત્યારે બરફના ગોળા, આઈસ્ક્રીમના એક કપ કરતા ત્રણ ગણા ભાવે વેચાઈ રહ્યા છે. શહેરીજનો આરોગ્યની પરવા કર્યા વગર હોશેંહોશે બરફ ગોળા આરોગી રહ્યા છે. શહેરમાં હીટવેવની પરિસ્થિતિમાં બરફ ગોળા હીટ સાબિત થઈ રહ્યા છે. શહેરીજનો રોજ સાંજ પડે અને બરફ ગોળાની લારીઓ પર ગોઠવાઈ જાય છે. એપ્રિલ, મે અને જૂન ત્રણ જ માસ માટે બરફ ગોળાની સિઝન પુરબહારમાં ખીલે છે. ઉપરાંત આધુનિક બની રહ્યા છે જેમ કે બરફ ગોળામાં ડ્રાય ફુટ, રબડી, ક્રીમ કે અલગ-અલગ નેચરલ ફ્લેવર કે અન્ય ચીજવસ્તુઓ ઉમેરીને આપવામાં આવે છે. ત્યારે તેનો ભાવ ચાર ગણો વધી જાય છે. જો કે આવો ઉંચો ભાવ આપનારા એટલે કે ગોળાના રૂા. ૧૨૦ ચુકવનારા ગ્રાહકો પણ વેપારીને મળી રહે છે. હાલ આઈસક્રીમનો એક કપ ઓછામાં ઓછા રૂા. ૧૨ થી શરૂ થાય ચે જે વધુમાં રૂા. ૩૫ સુધીમાં પૂરો થાય છે જ્યારે બરફ ગોળાની કિંમત સિંગલ કલરના રૂા. ૩૦થી શરૂ થાય છે જે રૂા. ૧૨૦ સુધી પહોંચે છે બરફ ગોળા ખાવા માટે લાઈનમાં બેસવું પડે છે દર વર્ષે બરફ ગોળાના ભાવમાં અંદાજીત ૨૫ ટકાનો વધારો થતો રહે છે. બરફ ગોળા વેચતા એકમો સામે તંત્ર દ્વારા કોઈ ચકાસણી કરવામાં આવતી નથી. જેમ કે બરફ ગોળાની લારીઓમાં બરફ કેવા પ્રકારનો વારવામાં આવે છે કે કઈ કક્ષાનું પાણી તેમાં વાપરવામાં આવ્યું છે. બરફને પાણીથી ધોવામાં આવે છે કે નહીં, બરફ ધીણના સંચાની સફાઈ બરાબર થાય છે કે નહીં બરફ ગોળામાં વપરાતા સિરપની ક્વોલીટી આરોગ્યને હાનિકારક છે કે નહીં આવી તમામ બાબતોની ચકાસણી તંત્ર દ્વારા કરવામાં આવતી નથી.

શબ્દાવલી - ૫૩૯૦

૧	૨	૩		૪	■	૫	૬
૭			■	૮	૯		
	■	■	૧૦			■	
૧૧	૧૨		■		■	૧૩	
૧૪		■	૧૫	■	૧૬		■
■	૧૭	૧૮		■	૧૯		
૨૦				■	૨૧		■
૨૨		■	■	૨૩			■

આડી ચાવી

૧. ઘરૂખાનું ફોડવાની વિવિધ બનાવટ (૫)
૫. સુટકેશ, ટંક (૨)
૭. મેશ, કજરા (૩)
૮. વસુલ કરવું તે (૪)
૧૦. જીતી લેવું, વિજય (૩)
૧૧. યોગ્ય (૩)
૧૩. એક વાહન, વ્યવહાર (૨)
૧૪. 'વાણી' શબ્દ આડેઅવળો(૨)
૧૬. ઉકળાટ, બફારો (૨)
૧૭. કપૂર વગેરેનો સુગંધી પદાર્થ (૩)
૧૯. તાંતણો (૩)
૨૦. ગુંડાગીરી, જબરાઇ (૪)
૨૧. રોપડા, નાના રોપ (૨)
૨૨. શેતરંજી (૨)
૨૩. અનાજ ઝાટકવું તે, ... કરવો (૩)

ઊભી ચાવી

૧. દેવવાણી, રેડિયોની વાણી (૫)
૨. સુગંધી સ્વાદિષ્ટ લાકડુ(૨)
૩. કરચલી (૨)
૪. જીવન (૪)
૫. ગામડામાં... ના પથ્થરોનું ચણતર થાય છે (ઇંટોના બદલે) (૨)
૬. આશ્ચર્યનો બનાવ (૪)
૯. સૂઇ જવું (૨)
૧૨. ફરજ (૫)
૧૩. ગામમાં ચાલતી અફવા(૫)
૧૫. મોરલી, વાંસળી (૩)
૧૬. ચડતી ઘાત (૪)
૧૮. સંસાર સુખમાં આશક્તિવાળુ (૨)
૨૦. ફરિયાદ (૨)

શબ્દાવલી ૫૩૮૯ના જવાબ

આડી ચાવી :- (૧) પાવરહાઉસ (૭) ખઉધરો (૮) લબાડ (૧૦) ડોકાબારી (૧૨) પાપડ (૧૩) રફ (૧૬) લોપ (૧૮) ટબ (૨૦) કવચ (૨૨) લૂગદી (૨૪) પનવ (૨૬) નલીન (૨૭) જાળવણી

ઊભી ચાવી :- (૧) પાયલ (૨) રખડપટ્ટી (૩) હાઉ (૪) ઉઘડો (૫) સરોકાર (૬) વાઘરી (૯) બાપા (૧૧) બાફલો (૧૪) પાટલૂન (૧૫) નાવ (૧૭) પજવણી (૧૯) બગલી (૨૧) ચપળ (૨૩) દીન (૨૫) નવ

આજે સે. ૩૦માં ભવ્ય પોથીયાત્રા દ્વારા શિવકથાનો પ્રારંભ થશે

ગાંધીનગરના સેક્ટર-૩૦ ખાતે ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનોમાં આવેલ હોલિકાચોક ખાતે તા. ૧૧મી મેથી તા. ૧૮મી મે દરમ્યાન રોજ રાત્રે ૮ વાગે ભવ્ય શિવકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિવકથા યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજાનાર છે. આ શિવકથાના પ્રથમ દિવસે ભવ્ય પોથીયાત્રા રામસિંહજી મેરાજી વણઝારાના નિવાસસ્થાન સે. ૩૦ના પ્લોટ નં. ૫૦૫/૧, શિવમ ફ્લેટ ખાતેથી નિકળી કથા સ્થળે જશે. આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા નગરની તમામ ધર્મપ્રેમી જનતાને આમંત્રણ આપવામાં આવ્યું છે.

રૂદ્રાભિષેક મંડળ દ્વારા સાત દિવસીય અતિરૂદ્રનું આયોજન કરાયું

ગાંધીનગરના રૂદ્રાભિષેક મંડળ દ્વારા તા. ૩૧મી મે થી તા. ૬ઠ્ઠી જુન સુધી ૭ દિવસના અતિરૂદ્ર પાઠાત્મકનું સે. ૧૬માં બ્રહ્મસમાજ ભવન ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ અતિરૂદ્રમાં મંડળના સભ્યો ઉપરાંત ગાંધીનગરના બ્રાહ્મણો જેમને રૂદ્રી ભણવામાં સક્ષમતા હોય તેમજ ઉપસ્થિત રહી સવેતન યોગદાન આપવા ઈચ્છુક હોય તેમણે મંડળના પ્રમુખ રવિન્દ્રભાઈ દવે, ઉપપ્રમુખ રમણિકભાઈ વ્યાસ અને મહામંત્રી બાબુભાઈ શર્માનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ધાનેરાના ધરનોધર ગામે થયેલ મારામારીમાં ઘાયલ દર્દીનું મોત : ૩૦૨ની કલમનો થશે ઉમેરો

ડીસા, તા. ૧૦

ધાનેરાના ધરનોધર ગામે અંગત અદાવતે પાંચ દિવસ અગાઉ કેટલાક ઈસમોએ બે વ્યક્તિઓનો ફિલ્મી ઢબે પીછો કરી, અપહરણ કરી રાજસ્થાન સુધી ભગાડી ગયા હતા, જેમાં એક વ્યક્તિને માર મારી ફેંકી દીધો હતો, જેને ત્યારબાદ પીડિત પરિવારના સભ્યોએ સારવાર અર્થે ખસેડ્યો હતો. જેનું આજે પાંચ દિવસની સારવાર બાદ મોત થતા પોલીસે અરોપીઓ વિરૂદ્ધ હત્યાનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ ચકચારી હત્યા પ્રકરણની વિગતો એવી છે કે ગત પમી મે ૨૦૧૪ના રોજ બનાસકાંઠાના ધાનેરા તાલુકાના ધરનોધર ગામેથી કેટલાક ઈસમોએ સુલેમાન રહેમાન મુસલા અને તેમના ભાઈનું ફિલ્મ ઢબે કાવતરૂ રચી અપહરણ કર્યુ હતુ. આ અજાણ્યા અપહરણકારોએ તે બાદ રાજસ્થાન સુધી અપહ્યુત બન્ને પીડિતોને લઈ જઈ માર માર્યો હતો અને તે બાદ બન્ને પીડિતોને રસ્તા પર ફેંકી દીધા હતા. જો કે પોલીસ તપાસમાં આ અપહરણ અને મારામારીના બનાવનું મુખ્ય કારણ એવું આવેલ કે અપહ્યુંત બન્ને પીડિતો અપહરણકારો પાસે તેમની મજુરી કામના પૈસા માંગતા હતા. જેનાથી રોષે ભરાઈ આરોપી એવા ગનીખાન મુસલા અને તેના અન્ય પાંચ જેટલા સાગરીતોએ ધરનોધર ગામેથી પીડિતોનું અપહરણ કરી માર મારી ગુનો કર્યો હતો. જેમાં ધાનેરા પોલીસે પીડિતની ફરિયાદ આધારે આરોપીઓ સામે હત્યાનો પ્રયાસ, અપહરણ, ગુનાહ્યુત કાવતરૂ અને રાયોટીંગ મુજબની ફરિયાદ નોંધી હતી. જો કે બીજી તરફ અપહરણકારોના મારથી ઘાયલ એવા સુલેમાન રહેમાન મુસલાનું પાંચ દિવસની સારવાર દરમ્યાન ગત મોડી રાત્રે ડીસાની એક ખાનગી હોસ્પિટલમાં મોત થતા પોલીસે આ મામલામાં 'હત્યા'ની કલમનો ઉમેરો કરી આરોપીઓ સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરતા ચકચાર મચેલ છે.

ત્યારે બીજી આ ચકચારી ગુનામાં જ્યારે ઘાયલ સુલેમાન રહેમાન નું ડીસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત થયું છે. ત્યારે મૃતક સુલેમાનના પરિવારજનોને હુમલાખોરો ધમકી આપી રહ્યા છે. હાલ આ ખૂન કેસના આરોપી પોલીસ પકડથી બહાર છે. ત્યારે તેમની આ ધમકી પીડિતોમાં ભય ફેલાવી રહી છે. આ વિપરીત પરિસ્થિતિમાં આ કેસના તપાસ અમલદાર પી.આઈ. જે.ડી. સુતરીયાએ ડીસા સરકારી હોસ્પિટલ પહોંચી મૃતદેહનો કબજો સંભાળી લીધેલ છે. તેમજ મૃતકના પરિવાર સાથે મસલતો કરી હત્યારા એવા તમામ આરોપીઓને ઝડપી પાડવાની અને પીડિતોને સુરક્ષા આપવાની ખાતરી આપી હતી. જે બાદ મૃતકોને આશ્વાસન અને સુરક્ષા મળતા તેમને મૃતદેહનો કબજો સંભાળ્યો હતો. જ્યારે પોલીસે પણ આ કેસના તમામ આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ચાંદખેડા પાસે ઝુંડાલ ગામમાં રોહિત સમાજ દ્વારા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું.

ક્રિકેટ પર રમાતા સટ્ટાનો પર્દાફાશ : ચારની ધરપકડ

બાતમીના આધારે વોચ ગોઠવી દરોડા પાડવામાં આવ્યો

અમદાવાદ, તા.૧૦

શહેરના ઘાટલોડીયા વિસ્તારમાં આવેલી મૃદુલ પાર્ક સોસાયટીના એક મકાનમાં ક્રિકેટ મેચ પર રમાતા સટ્ટાનો પર્દાફાશ થયો છે. જેમાં પોલીસે ચાર બુકીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. તેમજ ઘટનાસ્થળેથી લેપટોપ, ટીવી, મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

મળતી વિગત અનુસાર, સત્તાધાર પાસે આવેલા મૃદુલ પાર્કમાં આઈપીએલ મેચ પર મોટાપાયે જુગાર રમાડાતો હોવાની બાતમી ક્રાઈમબ્રાન્ચની ટીમને મળી હતી. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને મૃદુલ પાર્કના બી-૫૯ મકાનમાં દરોડા પાડ્યા હતા. દરોડા પાડતાં જ મોટાપાયે રમાતા સટ્ટાનો પર્દાફાશ થયો હતો. પોલીસના અચાનક દરોડાના પગલે બુકીઓએ નાસભાગ કરી ચુકી હતી. જો કે પોલીસે એક પણ બુકીને ભાગવા નહોતો દીધો. આ મામલે પોલીસે ભૌમિક હર્ષદભાઈ પટેલ, ભાવિક હિતેશભાઈ સોલંકી, હિતેશ મનુભાઈ રાણપુરા અને વિશાલ જશવંતભાઈ પટેલને ઝડપી પાડ્યા હતા. તેમજ ઘટનાસ્થળેથી લેપટોપ, મોબાઈલ ફોન, ટીવી તેમજ રોકડ રકમને કબજે કરાયા હતા. હાલ આ મામલે પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રિ-મોનસુન પ્લાન મામલે વહીવટી તંત્ર હજુ નિંદ્રામાં

ચોમાસાને આડે એક મહિનો બાકી હોવા છતાં હજુ બોટોનું સમારકામ હાથ ધરાયું જ નથી : ભારે ઉદાસીનતા યથાવત

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ફાયરબ્રિગેડને અમદાવાદ શહેરમાં ૪૦ બોટો ફાળવવામાં આવી છે, પરંતુ ચાલુ વર્ષે કોર્પોરેશનના તંત્ર દ્વારા બોટના સમારકામનું કામ હજુ સુધી ચાલુ કરવામાં આવ્યું નથી. કોર્પોરેશનના તંત્ર દ્વારા હાલમાં આચારસંહિતાના નામના બણગાં ફૂંકવામાં આવી રહ્યા છે પરંતુ જરૂરીયાતની વસ્તુ છે તેની પાછળ કામકાજ કરવામાં આવી રહ્યું નથી. પાણી આવે ત્યારે પાળ બાંધવા બેસે તેવું કોર્પોરેશન તંત્રની પરિસ્થિતિ જણાઈ રહી છે.

અમદાવાદ શહેરના ફાયરબ્રિગેડોને ૪૦ બોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફાળવવામાં આવી છે. દર વખતે પ્રિ-મોનસુન પ્લાન અંતર્ગત આ ૪૦ બોટોનું એપ્રિલ મહિનામાં સમારકામ હાથ ધરવામાં આવે છે પરંતુ ચાલુ વર્ષે ચૂંટણી પ્રક્રિયામાં વ્યસ્ત કોર્પોરેશન તંત્ર હજુ સુધી બોટના સમારકામની વાત તો દૂર રહી પરંતુ કેટલી હોડીઓ ઉપલબ્ધ છે તેની પણ ગણતરી કોર્પોરેશન દ્વારા હજુ સુધી કરવામાં આવી નથી. ચોમાસાની આડે એક મહિનો બાકી હોવા છતાં પણ કોર્પોરેશનના તંત્ર દ્વારા આચારસંહિતાના નામ પણ પ્રાથમિક જરૂરીયાતની વસ્તુના પણ કામ કરવામાં આવી રહ્યા નથી. અત્રે ઉલ્લેખનીય છે કે પછી જ્યારે ચોમાસાની સિઝન શરૂ થશે અને અચાનક મોટી દુર્ઘટના સર્જાય અથવા તો નદીમાં પૂર આવે તેવી પરિસ્થિતિ સર્જાય ત્યારે કોર્પોરેશન તંત્ર હોડીઓ શોધવા નીકળશે. એટલે કોર્પોરેશન તંત્ર પાણી આવસે ત્યારે પાળ બાંધવા બેસશે તેવું લાગી રહ્યું છે.

સિવિલ પાસેથી નવજાત શિશુનો મૃતદેહ મળ્યો

આવતીકાલે દેશભરમાં મધર્સ ડેની ઉજવણી થવાની છે જેને લઈને બાળકોએ પોતાની માતાને શુભેચ્છા અને ગિફ્ટ માટે તૈયાર કરી છે. ત્યારે અમદાવાદમાં માતૃત્વને લાજે તેવી ઘટના પ્રકાશમાં આવી છે. શહેરમાં એક માતા પોતાના નવજાત શિશુના મૃતદેહને તરછોડીને ચાલી ગઈ છે. સિવિલ હોસ્પિટલ પાસે આવેલી માતેશ્વરી પરોઠા હાઉસની દુકાનમાંથી બાળકોનો મૃતદેહ મળી આવ્યો હતો. જેને જોઈને સ્થાનિકો ચોંકી ગયા હતા. આ મામલે પોલીસને જાણ કરાતા પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી અને બાળકીનો મૃતદેહનો કબ્જો મેળવી સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી છે.

પડઘમ શાંત

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

મમતા બેનરજીએ પણ પ્રચારમાં ભાગ લીધો હતો. સપા અને બસપાના ઉમેદવારો પણ જોરદાર રીતે પ્રચારમાં ભાગ લીધો હતો. અંતિમ તબક્કાના મતદાનને લઈને ચૂંટણી પંચે પણ તમામ તૈયારીઓ કરી લીધી છે. સોમવારના દિવસે સવારે મતદાન શરૂ થશે. આજે પ્રચારના અંતિમ દિવસે ગુજરાતના મુખ્યધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને એએપીના નેતા અરવિન્દ કેજરીવાલ સહિત તમામ દિગ્ગજ નેતાઓ પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. હવે અંતિમ તબક્કામાં ૧૨મી મેના દિવસે તુલ ત્રણ રાજ્યોને આવરી લેતી લોકસભાની કુલ ૪૧ બેઠકો માટે મતદાન યોજાશે. જેમાં ઉત્તરપ્રદેશની વારાણસી સહિતની ૧૮ બેઠકો સામેલ છે. ઉપરાંત પશ્ચિમ બંગાળની ૧૭ અને બિહારની છ બેઠકો માટે ૧૨મી મેના દિવસે મતદાન યોજાનાર છે. આ હિન્દી પટ્ટામાં ચૂંટણી ભાજપ અને કોંગ્રેસ માટે સૌથી મહત્વપૂર્ણ છે. કારણ કે અહીં જીત ખુબ ચાવીરૂપ રહેશે. આજે પ્રચારના છેલ્લા દિવસે રાહુલ ગાંધીએ વારાણસીમાં રોડ શો કરીને તમામને પ્રભાવિત કરવાના પ્રયાસો કર્યા હતા. રાહુલના રોડ શોમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. ૧૨મી મેના દિવસે જે બેઠકો પર ચૂંટણી યોજાનાર છે. તેમાં વારાણસીનો સમાવેશ થયા છે. આ હાઇ પ્રોફાઈલ બેઠક પર તમામની નજર રહેશે. કારણ કે અહીં ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી મેદાનમાં છે. તેમની સામે એએપીના નેતા અરવિન્દ કેજરીવાલ પણ છે. કોંગ્રેસના અજય રાય પણ મેદાનમાં છે. બિહારમાં છ બેઠકો પર ૧૨મીના દિવસે મતદાન થશે. અહીં મુખ્યપ્રધાન નિતીશ કુમાર અને આરજેડીના નેતા લાલુ યાદવની પ્રતિષ્ઠા દાવ પર લાગેલી છે. મોદી દેશભરમાં પ્રચારથી લોકપ્રિયતા મેળવી ચુક્યા છે. ચૂંટણી પ્રચારનો સાંજે છ વાગે અંત આવી ગયા બાદ હવે તમામ દિગ્ગજ પ્રચારકોને રાહત રહેશે.

ચૂંટણી લડાવાશે

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

નરહરિ અમીનને આ બેઠક પરથી ચૂંટણી લડાવાય તેવી શક્યતા પણ પ્રબળ બની છે. નરહરિ અમીનને ગુજરાત ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ બનાવી ગુજરાતના મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવે તેવી પણ શક્યતા છે. ઉત્તરપ્રદેશમાં સારી કામગીરી કરવા બદલ ભાજપને વધુ બેઠકો અપાવવા માટે પ્રયત્નશીલ અમિત શાહને પી.એસ.ઓ.માં મહત્વની જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતા છે.

નિવૃત્ત થશે...

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

ડીજી વણઝારાએ જેલમાંથી પોતે જેને ભગવાન ગણાતા હતા એવા મુખ્યમંત્રી, ગૃહમંત્રી સામે આક્ષેપોની તોપ ફોડી હતી અને જેલમાં જ રાજીનામાનો સ્ફોટક પત્ર લખી પોલીસ બેડામાં ખળભળાટ મચાવી દીધો હતો. વિવિધ એન્કાઉન્ટરોમાં જેનું નામ શંકાના દાયરામાં છે તેવા ડીજી વણઝારાના એક પછી એક સાથીઓ જેવી કે જીએલ સિંઘલ, રાજકુમાર પાન્ડિયન, દિનેશ એમ. પરમાર અને અભય ચુડાસમા જામીન પર મુક્ત થયા છે પરંતુ વણઝારાને કાયમ માટે જેલવાસ રહે તેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે. જેલવાસ દરમ્યાન તેમણે રાજકારણીઓ અને કેટલાંક ઉચ્ચ અફસરોને કેન્દ્રમાં રાખી રણ ટંકાર નામે કાવ્ય સંગ્રહ પણ બહાર પાડ્યું હતું. અને જેલમાં વિવિધ પ્રવૃત્તિઓમાં રસ દાખવતા તેમણે વિવિધ કોર્ષની પરીક્ષાઓ પણ પાસ કરી હતી.

મામલો અદ્દરતાલ... ● *અનુસંધાન છેલ્લાનું ચાલુ*

સે. ૭માં શોપિંગ વિસ્તારની પાછળ સ્થિત જ-કક્ષાના સરકારી આવાસો તદ્દન ખંડેર હાલતમાં છે. નિકાલ હેઠળના આ આવાસોમાં અગાઉ શ્રમજીવીઓનો વસવાટ હોવાનુ માલુમ પડતા તંત્ર દ્વારા આ મકાનો ખાલી કરાવી સીલ કરી દેવાયા ખરા પરંતુ હાલની સ્થિતિએ આવાસોના એન્ટ્રન્સ પાસે ખાલી પેસેજમાં પણ શ્રમિકોનો વસવાટ હોવાનુ ધ્યાને આવ્યું છે. બીજીતરફ આ નિકાલ હેઠળના ૨૩ જેટલા બ્લોક તોડી પાડવા તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ લાંબા સમયગાળા બાદ પણ આ દરખાસ્ત સંદર્ભે કોઈ નિર્ણય લેવાયો નથી.

ટચૂકડી જાહેર ખબર

દુકાન તથા સેલર ભાડે

સે.૨૮, ઘ-૬ કોર્નર, ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન તથા ૬૦૦ ફુટનું ભોયરું ભાડે આપવાનું છે.

મો. : ૯૮૨૫૮ ૦૫૧૪૧

પ્લોટ તથા ઓફીસ વેચવાની છે

સે.૨૮, ઘ-૬ કોર્નર, ૨૩૫ વારનો પ્લોટ તથા વિજય શોપીંગ, સે.૧૧માં ૫૦૦ ફૂટની ૩ ઓફિસ વીથ ફર્નીચર્સ

મો. : ૯૮૨૫૮ ૦૫૧૪૧

ઓન લાઈન ટેન્ડરની જાહેર નિવિદા
ગાંધીનગર જિલ્લા પંચાયત મા. અને મ. વિભાગ
જાહેર નિવિદા નં.૧ / ૨૦૧૪-૧૫

કાર્યપાલક ઈજનેર પંચાયત મા.મ. વિભાગ, ગાંધીનગર જિલ્લા પંચાયત ૩૮૨૦૧૭ ફોન નં (૦૭૯) ૨૩૨૫૬૯૬૮ દ્વારા નીચે જણાવેલ રસ્તાઓના કામોના પેકેજ માટે ઓનલાઈન ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ સ્પે. કેટેગરી (રોડ વર્કસ) પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http://rnb/nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ	કામ નં. ૧થી ૩ તા. ૨/૬/૨૦૧૪ સમય : ૬-૦૦ કલાક સુધી
ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ	કામ નં. ૧થી ૩ તા. ૯/૬/૨૦૧૪
ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન)	કામ નં. ૧થી ૩ તા. ૩/૬/૨૦૧૪ સમય : ૧૨-૩૦

ક્રમ	કામનું નામ	(૧) કામની અંદાજી રકમ (૨) બાનાની રકમ (૩) ટેન્ડર ફી (૪) શ્રેણી
૧.	સ્ટ્રેન્થનીંગ એન્ડ વાઈડીનીંગ સાંતેજ-નાસ્મેદ રોડ, તા. કલોલ	(૧) ૨૪૬૮૭૪૨૦-૨૩ (૨) ૨૪૭૦૦૦-૦૦ (૩) ૩૬૦૦-૦૦ (૪) બી વર્ગ સ્પે. રોડ કેટે-૩ અને ઉપર
૨	કન્સ. ઓફ વેરીયર્સ રોડ અન્ડર OWR- તા. માણસા જી. ગાંધીનગર પે-૧ (૧) ચરાડા રામદેવપીર મંદિરે ટુ જોગણી માતા મંદિર (૨) ચરાડા ટુ રીદ્રોલ	(૧) ૨૪૬૯૧૪૯૬-૦૦ (૨) ૨૪૬૯૧૫-૦૦ (૩) ૩૬૦૦-૦૦ (૪) બી વર્ગ સ્પે. રોડ કેટે-૩ અને ઉપર
૩.	કન્સ ઓફ વેરીયર્સ રોડ અન્ડર બજેટ ઓ.ડબલ્યુ.આર. તા. માણસા પે-૨ (૧)સૌલેયા વિલેજ ટુ-હાઈસ્કૂલ (૨) પુન્ધ્રા ટુ વિજયનગર	(૧) ૨૨૩૭૭૧૪૪-૨૭ (૨) ૨૨૩૮૦૦-૦૦ (૩) ૩૬૦૦-૦૦ (૪) બી-વર્ગ અને સ્પે. રોડ કેટ-૩ અને ઉપર

સહી/-
કાર્યપાલક ઈજનેર
પંચાયત મા.મ. વિભાગ,
ગાંધીનગર

માહિતી/૫૦/૧૪-૧૫